For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### શહેરમાં વરસાદી પાણી બાદ રોડમાં ભ્રષ્ટાચારના ખાડાઓ

# હરણખાનાથી સ્વામીનારાયણ મંદિર રોડ પર 100 મીટર અંતરમાં 200થી વધુ ખાડા

**ખારીવાવ** રોડ સહિત અનેક વિસ્તારોમાં જોખમી ખાડાઓ

**બહારથી** આવતા લોકોને સ્માર્ટ સિટી જોવી હોય તો વડોદરાની મુલાકાત લે



(પ્રતિનિધિ) વડોદરા તા. 31

ગત તા. 24મી જુલાઈના રોજ બુધવારે 13 ઈંચ જેટલા વરસાદ બાદ શુક્રવારે દોઢ ઈંચ તથા ગત સોમવારે ખાબકેલા અઢી ઈંચ જેટલા વરસાદમાં શહેરમાં ઠેરઠેર વરસાદી પાણી ભરાયા હતા આ વરસાદી પાણી ઓસરતા ત્રણ દિવસથી વધારેનો સમય ગયો હતો. પરંતુ ખરી તકલીફો તો શહેરીજનોને હવે અનુભવાઈ રહી છે જેમાં શહેરમાં અનેક વિસ્તારોમાં કે જ્યાં થોડા સમય પૂર્વે રોડપર રિસર્ફેસીંગ, કાર્પેટીંગ ની કામગીરી કરવામાં આવી હતી અને જેના માટે સ્માર્ટ પાલિકા તંત્ર દ્વારા કરોડોના ખર્ચે કોન્ટ્રાક્ટરો પાસેથી આ કામગીરી કરાવી હતી તેવા વિસ્તારોના રોડપર ખાડાઓ પડી જતાં વાહનચાલકો, રાહદારીઓ અને મુંગા પશુઓ માટે જોખમી બન્યા હતા. રાત્રી દરમિયાન તો ઠીક પરંતુ દિવસ દરમિયાન પણ લોકો રોડપરના જોખમી ખાડાઓ પાસેથી પસાર થવા મજબૂર બન્યા છે. એક તરફ જ્યારે પણ કોઈ વ્યક્તિ નવું વાહન ખરીદે છે ત્યારે તેને શહેરના રોડરસ્તાઓ પર વાહન ચલાવતા પહેલાં પાલિકા તંત્રને રોડટેક્સ ચૂકવવો પડે છે પરંતુ ત્યારબાદ વાહનચાલકોને શું સારા રોડરસ્તાઓ ની સુવિધાઓ ઉપલબ્ધ થાય છે ખરી? સ્માર્ટ સિટીમાં સ્માર્ટ પાલિકા તંત્રનું વિચિત્ર આયોજન જોવા મળે છે જ્યાં દરવર્ષે રોડના સર્ફેસીંગની કામગીરી તથા કાર્પેટીંગ ની કામગીરી માટે કરોડો રૂપિયા બજેટમાં ફાળવણી કરી કોન્ટ્રાક્ટરો મારફતે કામગીરી કરાવવામાં આવે છે ત્યારબાદ આ જ રોડમા ડ્રેનેજ, પાણીની કે પછી અંડરગ્રાઉન્ડ વીજ વાયરોની, કેબલની કામગીરી માટે રોડને ખોદી નાંખવામાં આવે છે અને ફરીવાર રોડપર રિસર્ફેસીંગ કામગીરી કરવામાં આવે છે આ તો પેલી કહેવત જેવું છે સવારે ખાડો ખોદી સાંજે પૂરી દેવા જેવો ઘાટ થાય છે અને ખાસ કરીને ચોમાસાની ઋતુ શરૂ થાય ત્યારે કોન્ટ્રાક્ટરો દ્વારા કરાયેલી ખોદકામ કામગીરી નું યોગ્ય રીતે પૂરાણ પણ કરવામાં આવતું નથી ના તો પાલિકા તંત્ર દ્વારા આવા કોન્ટ્રાક્ટરો ની કામગીરી પર કોઈપણ પ્રકારનુ મોનિટરિંગ કરવામાં આવતું નથી જેના કારણે ચોમાસામાં રોડમા ભૂવા, ખાડાઓ પડી જાય છે છતાં કોઈ કોન્ટ્રાક્ટરો પર દંડ વસૂલવા કે બ્લેકલિસ્ટ કરવાની કામગીરી કરાતી નથી તેની પાછળ શું કોન્ટ્રાક્ટરો અને પાલિકાના અધિકારીઓ વચ્ચે કંઈક 'સમજૌતા' થાય છે કે શું તે એક ચર્ચાનો વિષય બન્યો છે.

બીજી તરફ હાલમાં શહેરના ખારીવાવ રોડપર પાણીની લાઇનની કામગીરી બાદ રોડપર યોગ્ય પૂરાણ ન કરાતાં જોખમી ખાડા પડયા છે તે જ રીતે શહેરના હરણખાના થી નાલબંધ વાડા સુધીના રોડ કે જ્યાં તાજેતરમાં જ તાજીયા વિસર્જન સમયે રોડપર રિસર્ફેસીંગ કામગીરી કરવામાં આવી હતી તે રોડપર ખાડાઓ પડી જતાં લોકોને હાલાકી પડી રહી છે. બીજી તરફ શહેરના પાણીગેટ વિસ્તારમાં પણ રોડમા ભ્રષ્ટાચારરૂપી ખાડાઓ ટેક્સ ભરતા વાહનચાલકો, રાહદારીઓ માટે જોખમી બન્યા છે. શહેરમાં જો કોઈ મોટા રાજકીય નેતા આવવાના હોય તેઓની ખુશામત માટે રાતોરાત લખોટી ગગડે તેવા રોડ કરી દેનાર પાલિકા તંત્ર વેરો ભરતી જનતાને સારા રોડરસ્તાઓ, પીવાના શુદ્ધ પાણી, ડ્રેનેજની સુવિધાઓ આપવામાં નિષ્ક્રિય જણાય છે.જો બહારથી લોકો આવે તો સ્માર્ટ સિટીના સ્માર્ટ રોડરસ્તાઓ જોઇ શું છાપ લ ઈ જશે તે અંગે પણ તંત્રે વિચારી આત્મમંથન કરવું જોઈએ.

#### વૃંદાવન ચારરસ્તા નજીક વરસાદી પાણીને કારણે રોડ પર એક્ટિવા પડી જતાં મહિલાને ઇજા

શહેરના વાઘોડિયારોડ ખાતે આવેલા વૃંદાવન ચારરસ્તા પાસે રોડપરના ખાડામાં ભરાયેલા વરસાદી પાણીના કારણે મંગળવારે બપોરે ૩વાગ્યાની આસપાસ એક એક્ટિવા ચાલક દંપતીનુ એક્ટિવા પડી જતાં ચાલક અલ્પેશભાઇ જયસ્વાલના પત્ની સોનલબેન ને ઇજા પહોંચી હતી જેઓને108મારફતે સારવાર અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓની તબિયતમા સુધારો હોય તેઓને બીજા દિવસે રજા આપવામાં આવી હતી સદનસીબે મોટી દુર્ઘટના થતી ટળી હતી.

### મ્યુ.કોર્પોરેશનમાં સીસીટીવી કેમેરાના એક્સેસને લઈ વિવાદ

# ડેપ્યુટી મેયરની કેબિન બહાર મુકાયેલા CCTV કેમેરા થકી જાસૂસી કરાય છે?

**મેયરને** સેક્રેટરી ઓફિસમાં મોરચો આવતા ખબર પડી કે કેમેરાના એક્સેસ છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સીસીટીવી કેમેરાને લઈને વિવાદ જોવા મળ્યો છે. હાલ તો સમગ્ર મામલે સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષની કેબિનમાં સીસીટીવીનો એક્સેસ લાગતા વિવાદ થયો છે. જ્યારે ડેપ્યુટી મેયરે પણ કેબિનના અંદર સુધીના વ્યુને લઈ વાંધો ઉઠાવ્યો હતો.

મેયર પિન્કીબેન સોનીએ જણાવ્યું હતું કે, વર્ષો પહેલા પૂર્વ મેયરના સમયમાં આ કેમેરાની સિસ્ટમ ચાલુ કરવામાં આવી હતી જ્યારે માત્ર મેયર ઓફિસમાં અને સિક્યુરિટી ઓફિસમાં આનું એક્સેસ હતું મને લાંબા સમય સુધી એવો પણ ખ્યાલ ન હતો કે કોર્પોરેશનમાં આ રીતના કોઈ જગ્યાએ એક્સેસ છે પરંતુ જે દિવસે એક મોરચો આવ્યો એ દિવસે મને તાત્કાલિક અમારા જે મ્યુનિસિપલ સેક્રેટરી છે. એમની ઓફિસમાં જઈને મોરચાને એટેન્ડ કરવાનો હતો. ત્યારે મારા ધ્યાને આવ્યું કે, ચિંતનભાઈની ઓફિસમાં આ કેમેરા દ્વારા બધા જ મેયર ઓફિસની જે ત્યાંથી છેલ્લી ચેરમેનની ઓફિસ છે. ત્યાં સુધી આ બધું જ વિઝન ત્યાં દેખાય છે. એટલે મેં ઈચ્છા વ્યક્ત કરી કે ભૂતકાળમાં પહેલા આવી રીતે મેયર પણ આવી રીતે જોઈ શકે છે. ત્યારે મને જણાવવામાં આવ્યું કે, જે તે વખતે મેયર દ્વારા આ રજૂઆત કરી પ્લાનિંગ ચાલુ કરવામાં આવ્યો હતો. ત્યારે મેયર ઓફિસમાં આ રીતે કોમ્પ્યુટરમાં આ એક્સેસ હતા. ત્યારે કોર્પોરેશનમાં સફાઈ સેવકો માટે 1200 મહેકમ ઉભા કરવામાં આવ્યા એના પછી લગભગ અઠવાડિયા પછી 138 જેટલા સફાઈ સેવક ભાઈઓ મને ફુલ આપી સન્માન કરવા માટે આવ્યા હતા તે દિવસે અમારી એક મોટી મિટિંગ ચાલી રહી હતી. જેમાં ધારાસભ્ય અને બધાએ બેસીને મીટીંગ કરી રહ્યા હતા એમના વિસ્તારનો કોઈ પ્રશ્ન હોય એ બાબતે મિટિંગ ચાલી રહી હતી. આ દરમિયાન આ લોકોને લગભગ ત્રણથી સાડા ત્રણ કલાક બહાર રાહ જોવી પડી હતી અને જ્યારે એ લોકો મને સન્માન કરવા અંદર આવ્યા. ત્યારે મારા દ્વારા પૂછાતા ખ્યાલ આવ્યો જાણકારી મળી કે એ લોકો સાડા ત્રણ કલાક સુધી રાહ જોઈ છે. ત્યારે મને પણ એમ થયું કે, જો આવી રીતે બહારની મારી જે પ્રેમાસીસ છે. એનું જો મને ખ્યાલ રહેતો હોય તો આટલા બધા લોકોને મારી આટલી રાહ જોવી ના પડે અને જે અમારી મીટીંગ ચાલતી હતી. એટલે અમારો સ્ટાફ દ્વારા અંદર મિટિંગમાં ડિસ્ટર્બ નથી કરવું. એટલે એમ કરીને કોઈ અંદર આવ્યું, પણ નહીં અને ફોન પણ ના કર્યો અને જેના કારણે 138 જેટલા અમારા નાગરિકો જે લોકો આ સન્માન કરવા આવ્યા હતા એટલા પછી મેં રજૂઆત કરી કે શું મેયરના રૂમમાં આ એક્સેસ આપી શકાય છે એટલે પછી મ્યુનિસિપલ સેક્રેટરી દ્વારા માહિતી આપવામાં આવી કે સર્વપ્રથમ મેયરની ઓફિસમાં જ આ એક્સેસ રહેતો હતો એટલે મેં ઈચ્છા વ્યક્ત કરી કે અહીંયા ચાલુ કરવામાં આવે તો મને પણ થોડી આવી રીતે બહાર કોઈ વડીલ હોય કોઈ દિવ્યાંગ આવ્યું હોય અને મારી કોઈ મીટીંગ ચાલતી હોય તો મને થોડી ખ્યાલ આવે તો હું એમને તાત્કાલિક ભલે ચાલુ મીટીંગ હોય તો આપણે કોઈ એવા ઈમરજન્સી વાળા લોકોને એટેન્ડ કરી શકીએ જેથી કરીને તેવા લોકોને વધારે સમય રાહ જોવી ન પડે.





વડોદરા મહાનગર પાલિકાની મુખ્ય કચેરીમાં સીસીટીવી કેમેરાને લઈને વિવાદ જોવા મળ્યો હતો. મેયર, ડે.મેયર અને બહારના વ્યૂના કેમેરાનો એક્સેસ સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષની કેબિનમાં આપવામાં આવ્યો છે.

#### ડે. મેયરની કેબિન બહાર વ્યુ બદલાશે કેમેરા નહીં



વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને તેના જે તે અધિકારી પદાધિકારીઓ પાસે રહેલા એક્સેસને લઈને ભારે ચર્ચાઓ ચાલી રહી છે. ડેપ્યુટી મેયરની કેબિન સામે મૂકવામાં આવેલ સીસીટીવી કેમેરા થકી જાસુસી કરવામાં આવતી હોય તેવી ચર્ચાઓ ચાલી છે સાથે સાથે આ વિડીયો સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની કેબિનમાં એક્સેસ અપાયા છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષે આ સીસીટીવી મીડિયાની દખલગીરીથી બંધ કરાવ્યા હતા. ડેપ્યુટી મેયરની કેબિનમાં અંદર સુધીનો વ્યૂ હોવાથી ડેપ્યુટી મેયર નારાજ થયા છે. તો બીજી તરફ મેયરે પણ સીસીટીવી કેમેરાનો વ્યુ બદલવામાં આવશે. હાલ તો મહાનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પાંચે પદાધિકારીઓને આ એક્સેસ આપવાની ચર્ચા ચાલી રહી છે.

### મુંબઈના ભેજાબાજે રૂપિયા ન ચૂકવાતાં મંજુસર પોલીસમાં ફરિયાદ

# પેટ્રોલ પંપ પરથી 16 હજાર લીટર ડિઝલ પુરાવી 14.19 લાખ ન આપતા ફરિયાદ

(પ્રતિનિધિ) સાવલી તા.31

બુલેટ ટ્રેનના નિરમા પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટ મળ્યો હોવાનું જણાવી છેતરપિંડી કરી ને ૧૬ હઝાર લીટર ડીઝલ પૂરાવી ને બિલ ના ચૂકવતા મંજુસર પોલીસ મથકે છેતરપીંડી ની ફરિયાદ નોંધાઈ છે જેમાં શહેર નજીક ઓમકારપુરાથી આજોડ તરફ જતી બુલેટ ટ્રેનના નિરમા પ્રોજેક્ટમાં કોન્ટ્રાક્ટ મળ્યો છે તેવું જણાવી ને પેટ્રોલ-ડીઝલ પંપના સંચાલકને વિશ્વાસમાં લીધો હતો. અને સમયાંતરે વિવિધ વાહનોમાં 16 હજાર લિટર ડિઝલ પૂરાવ્યુ હતું. દરમિયાન આ ડીઝલના 14.19 લાખ ચૂકવ્યા નહોતા. આ બનાવ અંગે પેટ્રોલપંપના સંચાલકે ભેજાબાજ સામે મંજુસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મંજુસર પોલીસ મથકમાં પેટ્રોલ પંપનુ સંચાલન કરતા યોગેન્દ્રસિંહ રણજીતસિંહ વાઘેલા (રહે. દુમાડ ગામ, મોટુ ફળિયુ, વડોદરા)એ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ દુમાડ ગામમાં વાઘેશ્વરી પેટ્રોલ-ડીઝલ પંપ ચલાવે છે. પેટ્રોલ પંપની ઓફિસમાં વર્કરો તથા હિસાબ કિતાબ માટે મેનેજર તરીકે પૃથ્વીરાજસિંહને રાખવામાં આવ્યા છે. વર્ષ 2021માં દિપ ઈન્ફ્રા રોલવે પ્રા. લિ.ના ડિરેક્ટર કરણસિંહ ચૌહાણ (મુળ રહે. નવી મુંબઇ) (ઓફિસ. શેલ્ટન ક્યુબીક બેલાપુરા, નવી મુંબઇ) (હાલ રહે. ઓડ ચોકડી, એમ.કે. એવન્યુ, આણંદ)નો સંપર્ક થયો હતો. તેઓ એલ એન્ડ ટી કંપનીમાં વર્ક એગ્રીમેન્ટ કોન્ટ્રાક્ટર હોવાનું જણાવ્યું હતું અને ઓમકારપુરાથી આજોડ તરફ જતી બુલેટ ટ્રેનના નિર્માણ પ્રોજેક્ટમાં કપચી વગેરે જેવી ભારે સામગ્રીના પરિવહન માટે એલ એન્ડ ટી કંપની દ્વારા ચાલી રહી છે. તે સંદર્ભે કોઈ અધિકારી સાથે વાત કરાવી હતી. બાદમાં ડિસેમ્બર 2021માં અલગ અલગ 6 વાહનોમાં મળીને કુલ 16 હજાર લિટર ડીઝલ પુરાવ્યું હતું. જેની કિંમત રૂ. 14.19 લાખ થવા જાય છે. આ નાણાં 1થી 15 તારીખમાં પૂરાવીને તેનું બિલ 20 તારીખની અંદર ચૂકવી દેવાનું અને 16થી 31 તારીખમાં બાકીનું બિલ ચૂકવી દેવાનું રહેશે તેવું તેઓના લેટર પેડમાં કરાર કરવામાં આવ્યો હતો. જો કે, તે પ્રમાણે થયું નહોતું. આ બનાવમાં કરાર મુજબ નાણાંની ચૂકવણી ન કરતા આખરે ડીઝલ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. દરમિયાન આ બાબતે પેટ્રોલ પંપના સંચાલક યોગેન્દ્રસિંહ વાઘેલાએ આ બાબતે કરણસિંહ ચૌહાણ સામે મંજુસર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી સામે વિશ્વાસઘાત, છેતરપિંડીનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# બેંકના કેશિયરની કાર પંચર કરી ગઠિયાઓ બેંકના સ્ટ્રોંગરૂમની ચાવી સેરવી લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા નજીક રણોલી ગામે આવેલી બેન્ક ઓફ બરોડામાં કેશિયર તરીકે નોકરી કરતા રવિભાઈ આજે સાંજના સમયે બેન્ક બંધ થતાં પોતાની કારમાં બેસીને ઘર તરફ જવા નીકળ્યા હતા. જ્યાં રસ્તામાં બે યુવકો આવીને તેઓની કારનું ટાયર પંચર હોવાનું જણાવ્યું હતું. કેશિયર રવિભાઈ કાર માંથી ઉતરીને ટાયરનું પંચર ચેક કરવા જતા સમયે તેમાંથી એક ગઠિયો કારમાં મુકેલા પર્સ માંથી બેંકના સ્ટ્રોંગરૂમની ચાવી લઈને પલાયન થઈ ગયો હતો. બેંકની ચાવીઓ ગુમ થયાની જાણ થતા જ તેઓએ પોલીસનો સંપર્ક કર્યો હતો. જ્યા જવાહરનગર પોલીસનો સ્ટાફ સ્થળ પર આવીને કેશિયરની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી.બેન્ક નજીક લાગેલા CCTV તપાસતા જાણવા મળ્યું કે કેટલાક ગઠિયાઓ પહેલાથી જ કેશિયરની કારની આગળ પાછળ ફરતા હતા. જ્યા એક યુવકે કેશિયરને બીજી તરફથી વાતોમાં



ઉલઝાવીને ડ્રાઈવર સાઈડનું આગળનું ટાયર જાણીને પંચર કર્યું હતું.અંતે રસ્તામાં મદદ કરવાના બહાને ચાવી તાફડાવીને પલાયન થઈ ગયા હતા. જવાહર નગર પોલીસે CCTV ની મદદથી ચોર ગઠિયાઓ ની શોધખોળ શરૂ કરી છે. કેશિયરની સતર્કતાને કારણે બેંકમાં ચોરીનું આયોજન કરતા ગઠિયાઓ પોતાની યોજનામાં સફળ થાય તે પહેલાં પોલીસ દ્વારા તેઓની શોધખોળ શરૂ કરી છે.

### જામ્બુઆ ગામ પાસેના ખેતરમાં પશુઓને પ્રવેશ કરાવી ઉભા પાકને નુક્સાન પહોચાડ્યુ

# ખેડૂત ભાઈઓ પર હુમલો કરનાર 5 માથાભારે પશુપાલકોની ધરપકડ

**કેમ** પશુઓ ચરાવો છો તેવું કહેતા જ 10 પશુપાલકો લાકડીઓને લઇને તૂટી પડ્યાં હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.31

જામ્બુઆ ગામ પાસેના ખેતરમાં ઉગાડેલા ઘાસ ચરાવવા માટે માથાભારે ગોપાલકો તેમના પશુઓ લઇ ગયા હતા. જેથી ખેડૂત બે ભાઈએ અમારા ખેતરમાં ગાયો ચરાવો છો તેવુ કહેતા 10 જેટલા ગોપાલકોએ બંને ભાઇ પર લાકડીઓ વડે હુમલો કર્યો હતો. મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગણતરીના કલાકોમાં જ 10 પૈકી પાંચ ગોપાલકોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના જામ્બુઆ ગામ પાસે પટેલ ફળિયામાં ખેડૂત નિતિશભાઇ રમણભાઇ પટેલ 27 જુલાઈના રોજ સાંજના સમયે તેમના સગા મોટાભાઇ સાથે માણેજા વોલ્ટેમ કંપનીની પાછળ આવેલા જામ્બુઆ ગામ પાસેના ખેતરમાં કામ કરતા હતા. તે દરમિયાન જશોદા કોલોનીમાં રહેતા મોહન ભરવાડ ગાયો સહિતના પશુઓનું ટોળુ લઇને ખેતરમાં ઘુસીને ગાયો ચરાવવા લાગ્યો હતો. જેથી ખેતર માલિક નીતિશભાઈના ભાઈએ મોહનભાઇને આ ઘાસ મારા પશુઓ માટે ઉગાડ્યું છે. કેમ અમારા ખેતરમાં પશુઓ ચરાવો છો તેવું કહ્યું હતું. ત્યારે તેણે પશુઓ તો હુ અહિયા જ ચરાવીશી તમારાથી થાય તે કરી લો તેમ કહી ઉભા પાકને નુક્સાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ તેણે અન્ય ગોપાલકોને બોલાવતા 10 જેટલા ગોપાલકો ભેગા થઈ ગયા હતા અને બંને ભાઇને ડર લાગતા ત્યાંથી ભાગીને નજીક આવેલા યોગી ફ્લોરેન્સા કોમ્પલેક્ષમાં જતા રહ્યા હતા. ત્યારે ગોપાલકોએ તેમનો પીછો કરી ત્યાં ધસી ગયા હતા અને બંને ભાઈ પર લાકડીઓ વડુ હૂમલો કર્યો હતો.

તમે તમારા ખેતરમાં કેવા આવો છો તે જોઈએ છીએ, હવે બહાર રોડ પર પણ કેવા દેખાશો તો જીવતા જવા નહી દઈએ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ખેડૂતે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે અલગ અલગ ટીમ ટેકનિકલ તથા હ્યુમન સોર્સીસના આધારે મોહનભાઈ બોઘાભાઈ ભરવાડ,ચોથાભાઇ હીરાભાઈ ભરવાડ, વિભાભાઈ ઉર્ફે વિઠ્ઠલભાઈ ભરવાડ, રઘુભાઈ હીરાભાઈ ભરવાડ અને ગોવિંદભાઈ સાજનભાઈ ભરવાડની ગણતરીની કલાકોમાં ધરપકડ (રહે.ભરવાડ વાસ, એરફોર્સ સ્ટેશનની પાસે, મકરપુરા ગામ, વડોદરા)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માંડવીપાસેલાડલાજ્વેલર્સમાંથી રૂ.1.95 લાખના મતાની ચોરી

**ભરચક** વિસ્તારમાં ચોરીને અંજામ આપી તસ્કરોનો પોલીસને ખુલ્લો પડકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેરમાં જાણે પોલીસનો કોઈ ડર ન હોય તેમ ચોરીને અંજામ આપી ખુલ્લો પડકાર તસ્કરો ફેંકી રહ્યા છે. શહેરના ભરચક વિસ્તારમાં કલ્યાણરાયજીની હવેલીની બાજુમાં આવેલી સોનીની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. ત્યારબાદ દુકાનમાં મુકેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિતની માલમત્તાની ચોરી કરીને ચોરો ફરાર થઈ ગયા હતા.

શહેરમાં તસ્કરો બેખૌફ બનતા જાય છે રોજેરોજ ચોરટાઓ અલગઅલગ મકાનોમાં ચોરીને અંજામ આપીને પોલીસ પેટ્રોલિંગના તો લીરેલીરા ઉડાવી રહ્યા છે. પરંતુ માત્ર હપ્તા ઉઘરાવતી પોલીસને જાણે પોતાની આબરૂની કોઈ પાડી નથી. પોલીસે માત્ર નામ પૂરતું ગાડી લઈ મેઈન રોડ પેટ્રોલિંગ માટે નીકળવાનું ત્યાર બાદ એક જગ્યા પર વાતો ગપ્પા માર્યા બાદ રવાના જતા હોય છે. પરિણામે તસ્કરોને મોકળું મેદાન મળી જતું હોય છે અને રોજ એક મકાનમાં હાથફેરો કરી બિન્દાસ્ત નીકળી જતા હોય છે. પોલીસ કમિશ્નર તરીકે નરસિમ્હા કોમાર આવ્યા બાદ પણ તસ્કરો પર કોઈ પણ પ્રકારનો અંકુશ મેળવવામાં આવ્યો નથી.ત્યારે વડોદરા ભરચક માંડવી વિસ્તાર ચાર દરવાજામાં કલ્યાણ રાયજી મંદિરની પાસે આવેલી લાડલા જ્વેલર્સમાં મોડી રાતે ચોરીની ઘટના બનવા પામી હતી. તસ્કરો શટર ઊંચું કરી પ્રવેશી ચાંદીની ભગવાનની પ્રતિમાઓ, ગ્રાહકના એડવાન્સના રૂપિયા 1.50 લાખ તે તિજોરીમાં રાખ્યા હતા તે તસ્કરો લઇ ગયા હતા. જેથી દિપકભાઇ ઉધવદાસ લાડલો ચાંદીની મૂર્તિઓ તેમજ રોકડ રકમ મળી 1.95 લાખની મતાની ચોરી ફરિયાદ સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

### યુવતીના ફોટા અને વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી શરીર સંબંધ બાંધ્યાં

# સયાજીગંજ ઓફિસમાં નોકરી કરતી યુવતી પર બ્રોકરે બળાત્કાર ગુજાર્યો

**ગણતરીના** કલાકોમાં પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

સયાજીગંજ વિસ્તારમાં શેરમાર્કેટની ઓફિસ ધરાવતા બ્રોકરે તેની ઓફિસમાં નોકરી કરતી મહિલા કર્મચારી પર તેની ઓફિસ, કાર તથા અન્ય જગ્યા પર લઇ જઇને દુષ્કર્મ ગુજારી તેના ફોટા અને વીડિયો બનાવી લીધા હતા. જેથી યુવતે કંટાળી શરીર બાંધવા દેવાની ના પાડતા ફોટા અને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. જેથી યુવતીએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બ્રોકરની ધરપકડ કરી મેડિકલ કરાવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ડાભા ગામે નવીનગરીમાં રહેતો વાહીદ બસીર ભટ્ટીએ શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા સિલ્વર લાઇન કોમ્પલેક્ષમાં ત્રીજા માળે શેર માર્કેટની ઓફિસ ચાલવતો હતો. દરમિયાન 23 વર્ષી યુવતી તેની ઓફિસમાં નોકરી પર આવતી હતી. જેથી વાહીદ ભટ્ટીએ યુવતી પર નજર બગાડી હતી અને યુવતી સાથે પ્રેમજાળમાં ફસાવી હતી. જુલાઈ 2023થી નવેમ્બર 2023 દરમિયાન તેણે યુવતી સાથે સંબંધ કેળવ્યા હતા. ત્યારબાદ યુવતીને ફરવા લઈ જવાના બહાને બહાર લઇ જતો હતો તો ક્યારે સિલ્વર લાઇન ખાતેની ઓફિસની કેબિનમાં યુવતી પર તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધતો હતો. દરમિયાન તેણે યુવતી સાથે સંભોગ માણતા સમયના ફોટા તથા વીડિયો પણ બનાવી લીધા હતા. પરંતુ વારંવાર શરીર સંબંધ બાંધવા દેવાની માગણીથી કંટાળી યુવતીએ તેનો પ્રતિકાર કર્યો હતો. ત્યારે તેણે યુવતીના અંગત પળોના ફોટા અને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી પાર્કિંગવાળી જગ્યા પર કારમાં તથા અક્ષર ચોક આવેલા સિગ્નેટ હબમાં બીજા માળની ઓફિસમાં લઇને જઇ વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. જેથી યુવતીએ વાહીદ ભટ્ટી વિરુદ્ધ સયાજીગજં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી મેડિકલ કરાવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલિકાના બે ફિલ્ડ વર્કરો પર બે ગૌપાલક અને મહિલા દ્વારા ડાંગથી હુમલો

**મહિલાએ** સહિત ત્રણે જણાએ જાતિ વિરુદ્ધ ગાળો આપી માર માર્યો

**અટ્રોસિટી** એક્ટ મુજબ પોલીસ દ્વારા ત્રણે જણાની ધરપકડ કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.31

ખોડિયારનગર વિસ્તારમાં પાલિકાના અર્બન હેલ્થ સેન્ટર બે ફિલ્ડ વર્ક યુવકોને જાતિ વિરુદ્ધ ગાળો આપ્યા બાદ બે ગૌપાલક ભાઈએ ડાંગ વડે તેમના પર હુમલો કર્યો હતો. ઉપરાંત મહિલાએ જાતિ અંગે ગાળો આપી ઝપાઝપી કરી હતી. જેથી યુવકે એટ્રોસિટી મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે બે ગૌપાલક અને એક મહિલાની ધરપકડ કરી છે.

ન્યુ વીઆઈપી રોડની પારસમણી સોસાયટીમાં રહેતા જિમી વિનયભાઈ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર 4માં હેઠળ આવતા રામદેવનગર અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફિલ્ડ વર્કર તરીક નોકરી કરે છે. ગઈ કાલે યુવક તેના સહ કર્મચારી કરણ સાથે ખોડિયારનગર વિસ્તારમાં કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન તેઓ નાસતો કરવા માટે ગયા હતા અને લારી પરથી ભજિયા લીધા હતા. તે દરમિયાન વેપારીએ વાલ્મિકી સમાજ પ્રત્યે અપશબ્દનો પ્રયોગ કર્યો હતો. જેથી જિમીએ પણ હુ પણ તે સમાજનો છુ તમે મોઢુ સંભાળીને બોલો ત્યારે વેપારી સહિતના અન્ય મહિલાએ યુવકને જાતિ વિરુદ્ધ ગાળો આપવા લાગ્યા હતા. ત્યારબાદ વેપારીએ તેના માથાભારે ભાઈને ફોન કરતા તેએ ડાંગ લઈને આવી ગયો હતો અને જિમી તથા તેના મિત્ર કરણને જાતિ વિરુદ્ધ ગાળો આપી ડાંગ વડે હુમલો કર્યો હતો. ઉપરાંત નાની ઝાલા નામની મહિલાએ પણ યુવકની ટી શર્ટ ખેંચીને ઝપાઝપી કરી જાતિ વિરુદ્ધ બોલતી હતી. જેથી યુવકે ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેથી જિમીએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ગભુ ભરવાડ, રાજુ ભરવાડ તથા નાની ઝાલા વિરુધ્ધ એટ્રોસિટી મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણે ગણતરીના કલાકોમાં ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.